(૧૫)

**પ્ર.૧ (અ) નીચેનાની પાઠપૂર્તિ કરો. (૧૦)**

૧. મિચ્છા દંસણ સલ્લેણં **પડિક્કમામિ તિહિં ગારવેહિં ઈડ્ઢી ગારવેણં રસ ગારવેણં સાયા ગારવેણં** પડિક્કમામિ તિહિં

૨. જીવ **જાણી–પ્રીછી સ્વ સંબંધી શરીર માંહેલા પીડાકારી સ અપરાધી વિગલેન્દ્રિય વિના** આકુટ્ટી

૩. કિત્તિય **વંદિય મહિયા જે એ લોગસ્સ ઉત્તમા** સિદ્ધા

૪. સંપરિગ્ગહિયં **સિરસાવત્તં અંજલિ કટ્ટુ એવં વયાસી નમોત્થુણં** અરિહંતાણં

**(આ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (૫)**

૧. ત્રીજા દેવલોક અને સાતમા દેવલોકમાં કેટલા વિમાન છે?

**જ. ત્રીજા દેવલોકમાં બાર લાખ અને સાતમા દેવલોકમાં ચાલીસ હજાર વિમાન છે.**

૨. વૈક્રિય શરીરી પંચેન્દ્રિયની જીવાયોનિ કેટલી?

**જ. વૈક્રિય શરીરી પંચેન્દ્રિયની જીવાયોનિ ૨૬ લાખ.**

૩. પાપશ્રુત એટલે શું?

**જ. પાપશ્રુત એટલે પાપનું ઉપાર્જન કરવાવાળા સૂત્રો.**

૪. સૌથી મોટું પાપ અને સૌથી મોટું અજ્ઞાન કયું?

**જ. સૌથી મોટું પાપ મિચ્છાદંસણસલ્લં અને સૌથી મોટું અજ્ઞાન મિથ્યાત્વ.**

૫. સિદ્ધશીલા કેવડી લાંબી–પહોળી છે??

**જ. સિદ્ધશીલા ૪૫ લાખ યોજન લાંબી–પહોળી છે.**

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. હેય અને ઉપાદેય તત્ત્વને જાણીને ભગવાન શું કરતા હતા? (૨×૨)

**જ. હેય અને ઉપાદેય તત્ત્વને જાણીને ભગવાને છદ્મ અવસ્થામાં સ્વયં પાપકર્મનું આચરણ કર્યું નહોતું, બીજા પાસે કરાવ્યું નહોતું અને પાપકર્મ કરનારની અનુમોદના પણ કરી નહોતી.**

૨. ભગવાને અનાર્ય દેશમાં કેવા પરિષહો સમભાવે ધારણ કર્યા હતા?

**જ. ક્યારેક લાઢ દેશના અનાર્ય લોકો ભગવાનનું માંસ કાપી લેતા હતા, ક્યારેક ભગવાનને પકડીને ધક્કો મારતા હતા. મારપીટ કરતા હતા, તેમના પર ધૂળ ફેંકતા હતા. આવા અનેક પરિષહો સમભાવથી સહન કરતા હતા.**

૩. લાઢ દેશની કેવી ભૂમિમાં ભગવાને વિચરણ કર્યું હતું? (૧)

**જ. લાઢ દેશની વજ્રભૂમિ અને શુભ્રભૂમિમાં ભગવાને વિચરણ કર્યું હતું.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દેવનું પશ્ચાત્તાપ અને એક દેશ ચલિત થવાનું ત્રીજું કારણ લખો. (૩×૨)

**જ. દેવનું પશ્ચાત્તાપ કરવાનું ત્રીજું કારણ–અહો! લાંબા કાળ સુધી મેં ઋદ્ધિ, રસ અને શાતા ગૌરવથી યુક્ત થઈ, કામભોગોમાં ગૃદ્ધ થઈ ને વિશુદ્ધ ચારિત્રનું પાલન કર્યું નહિ. અને એક દેશ ચલિત થવાનું ત્રીજું કારણ–નાગકુમાર અને સુવર્ણકુમાર ભવનપતિના દેવો વચ્ચે સંગ્રામ થવાથી.**

૨. શૈક્ષભૂમિ એટલે શું? તે કેટલી છે? કઈ કઈ?

**જ. શૈક્ષભૂમિ એટલે દીક્ષા દીધા પછી મહાવ્રતોનું આરોપણ કરવું અથવા વડી દીક્ષા આપવી તે. તે ત્રણ છે. ૧) ઉત્કૃષ્ટ છ મહિના ૨) મધ્યમ ચાર મહિના ૩) જઘન્ય સાત દિવસ.**

૩. કોના ઉપકારનો બદલો ચૂકવી શકાતો નથી? પરિગ્રહના પ્રકાર લખો. (૨×૨)

**જ. માતા–પિતા, પાલન–પોષણ કરવાવાળા, ધર્માચાર્યના ઉપકારનો બદલો ચૂકવી શકાતો નથી. પરિગ્રહના**

**પ્રકાર–૧) કર્મરૂપ ઉપધિ ૨) શરીરરૂપ ઉપધિ ૩) વસ્ત્ર–પાત્ર આદિરૂપ બાહ્ય ઉપધિ.**

૪. સાધુના ત્રણ મનોરથ કયા છે?

**જ. ૧) ક્યારે હું અલ્પ અથવા અધિક શ્રુતજ્ઞાનનો અભ્યાસ કરીશ? ૨) ક્યારે હું એકલવિહાર પ્રતિમાનો સ્વીકાર કરીશ? ૩) ક્યારે હું જીવનના અંતે આહાર અને કષાયના ત્યાગરૂપ સંલેખનાની આરાધના કરી, આહાર–પાણીનો ત્યાગ કરી, પાદપોપગમન સંથારો કરી, મૃત્યુની ઈચ્છા કર્યા વિના વિચરીશ?**

(૧૦)

**પ્ર.૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સંઘાટ અધ્યયન પરથી આપણને શું શીખ મળે છે?

**જ. જે સાધુ કે સાધ્વી સંયમ લઈને આહાર આદિમાં આસક્ત થતા નથી, પરંતુ માત્ર જ્ઞાન, દર્શન, ચારિત્રની વૃદ્ધિ માટે આહાર–પાણી કરે છે, તે અનંત સંસારથી પાર થાય છે. જે શરીરની વૃદ્ધિ કરવા માટે આહાર–પાણીમાં મુગ્ધ થાય છે, તે અનંત સંસાર વધારે છે.**

૨. ધન્ય સાર્થવાહે જેલમાં વિજય ચોરને આહાર આપવા સંબંધી ભદ્રાને શું કહ્યું?

**જ. હે દેવાનુપ્રિય ! ધર્મ સમજીને, તપ સમજીને, લોકલાજ સમજીને, ન્યાય સમજીને, નાયક સમજીને, સહચર સમજીને, સહાયક સમજીને અથવા મિત્ર સમજીને મેં આહાર–પાણીનો સંવિભાગ કરેલ નથી. મારા શરીર ની ચિંતા એટલે કે મળ–મૂત્રના ત્યાગમાં તે મને સહાયક થાય તે માટે તેનો સંવિભાગ કરેલ છે.**

૩. સુબુદ્ધિએ ખાઈના પાણી માટે શું કહ્યું?

**જ. હે સ્વામી ! આ ખાઈનું પાણી આવું છે તેમાં કોઇ આશ્ચર્યની વાત નથી કારણ કે શુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ પુદ્‌ગલ અશુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ પુદ્‌ગલમાં બદલાઈ જાય છે. સર્વે પુદ્‌ગલ તેમ થતાં સ્વભાવ અને પ્રયોગના કારણે બદલાઈ જાય છે.**

૪. જિતશત્રુ રાજા કઈ નગરીમાં રહેતા હતા? તે નગરીમાં કયું ચૈત્ય હતું? ત્યાંની રાણી, યુવરાજ, મંત્રી કોણ હતા?

**જ. જિતશત્રુ રાજા ચંપા નગરીમાં રહેતા હતા. તે નગરીમાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું. ત્યાં ધારિણી રાણી, અદીનશત્રુ યુવરાજ અને સુબુદ્ધિ મંત્રી હતા.**

(૧૫)

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. જંબૂ સ્વામીએ સુધર્મા સ્વામીને શું કહ્યું?

**જ. હે ભગવાન ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ સાતમા અંગસૂત્ર ઉપાશકદશાંગ સૂત્રના પ્રથમ અધ્યનનમાં જે અર્થ કહ્યો છે, તે મેં આપના મુખેથી સાંભળેલ છે; તો હે ભગવાન ! હવે બીજા અધ્ય.માં પ્રભુએ શું ભાવ ફરમાવ્યા છે?**

૨. હાથીરૂપી દેવનું વર્ણન કરો.

**જ. હાથીના સાત અંગ જમીનને સ્પર્શતા હતા, આમ તે સાત અંગધારી હતો. તે નશાથી મદોન્મત્ત અને શ્રાવણ ના વાદળની જેમ ગંભીર ગર્જના કરતો હતો. મન અને પવનની ગતિ શીઘ્ર ગતિ કરવાવાળો હતો.**

૩. કામદેવ શ્રાવકે પોતાના આત્માને કેવી રીતે ભાવિત કર્યો?

**જ. કામદેવ શ્રાવકે શ્રાવકની ૧ થી ૧૧ પ્રતિમાઓને ધારણ કરી. ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, અટ્ઠાઈ, અર્ધ માસક્ષમણ, માસક્ષમણ આદિ તપ દ્વારા આત્માને ભાવિત કર્યો.**

૪. શકેન્દ્ર કયા દેવલોકના અધિપતિ છે? કયા વિમાનમાં હતા? તેમનો પરિવાર લખો.

**જ. શકેન્દ્ર સૌધર્મ દેવલોકના અધિપતિ છે. સૌધર્મવતંસક વિમાનમાં હતા. તેમનો પરિવાર–૮૪ હજાર સામાનિક દેવો, ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવો, ૪ લોકપાલો, ૮ અગ્રમહિષીઓ આદિ તથા અન્ય દેવ–દેવીઓ.**

૫. સાપરૂપી દેવે કામદેવ શ્રાવકને કેવી રીતે ઉપસર્ગ આપ્યો?

**જ. સાપ અત્યંત ક્રોધિત થઈ ફૂંફાડા મારતો સડસડાટ કામદેવ શ્રાવકના શરીર પર ચડી ગયો. પાછળના ભાગથી ચડીને તેના ગળે ત્રણવાર ભરડો લઈ લીધો અને પોતાના ઝેરી દાંતો વડે તેની છાતી પર ડંખ માર્યા.**

**(આ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. અંતગડ સૂત્રના ત્રીજા વર્ગના કેટલા અધ્યયન છે? ૫ થી ૮ અધ્યયનના નામ લખો. (૨×૨)

**જ. અંતગડ સૂત્રના ત્રીજા વર્ગના ૧૩ અધ્યયન છે. ૫) દેવસેન કુમાર ૬) શત્રુસેન કુમાર ૭) સારણ કુમાર ૮) ગજસુકુમાર.**

૨. અનીકસેનની ધાવ માતા કેટલી હતી? કઈ કઈ?

**જ. ધાવ માતા પાંચ હતી. ૧) ક્ષીર ધાત્રી ૨) મજ્જનધાત્રી ૩) મંડનધાત્રી ૪) ક્રીડાધાત્રી ૫) અંક ધાત્રી.**

૩. અનીકસેન ક્યા નગરમાં રહેતા હતા? તેમણે કેટલા વર્ષ દીક્ષાનું પાલન કર્યું? **(૧)**

**જ. અનીકસેન ભદ્દિલપુર નગરમાં રહેતા હતા. તેમણે ૨૦ વર્ષ દીક્ષાનું પાલન કર્યું.**

**(૫)**

**પ્ર.૬ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ધન્ના અણગારે ધર્મ જાગરણ કરતા શું વિચાર કર્યો? **(૩)**

**જ. મોટા તપના કારણે શરીર શુષ્ક થઈ જવાથી, મારી નસો દેખાવા લાગી છે, પણ હજી મારામાં ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરુષાર્થ તથા શ્રદ્ધા, ધૈર્ય અને સંવેગ છે, ત્યાં સુધીમાં મારે સૌથી છેલ્લી મારણાંતિક સંલેખનાની આરાધનાથી યુક્ત થઈ, આહાર–પાણીનો ત્યાગ કરી અને મૃત્યુની દરકાર નહિ કરતા રહેવું શ્રેયસ્કર છે.**

૨. ધન્ના અણગારના પગની આંગળીઓ કેવી થઈ ગઈ હતી? **(૨)**

**જ. ધન્ના અણગારના પગની આંગળીઓ તુવેરની શીંગ, મગની શીંગ, અડદની શીંગ કોમળ હોય ત્યારે જ તોડીને તડકામાં રાખવામાં આવી હોય અને કરમાઈ ગઈ હોય તેવી સૂકાઈને લોહી–માંસ રહિત બની ગઈ હતી.**

**(૧૫)**

**પ્ર.૭ દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરો.** **(૪)**

૧. ઓસં વા **હિમં વા મહિયં વા કરગં વા હરિતણુગં વા** સુદ્ધોદગં વા।

૨. વત્થંસિ વા **પડિગ્ગહંસિ વા કંબલંસિ વા પાયપુચ્છણંસિ વા રયહરણંસિ વા** ગોચ્છગંસિ।

૩. ત્રીજું મહાવ્રત શેના વિશે છે? તે લખી ક્યાં કઈ વસ્તુ ન લે તે મૂળ પાઠ અર્થ સાથે લખો. **(૫)**

**જ. ત્રીજું મહાવ્રત ચોરીથી નિવૃત્ત થવાનું છે. ગામે–ગામમાં, નગરે–નગરમાં, રણ્ણે–વનમાં, અપ્પં–અલ્પ, બહું–ઘણું, અણું–સૂક્ષ્મ, થૂલં–સ્થૂલ/મોટું, ચિત્તમંતં–સચેત, અચિત્તમંતં–અચેત.**

**(બ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

૧. ન ચિટ્ઠાવિજ્જા – **ન ઊભા રખાવે** ૨. કરગં વા– **કરાનો** ૩. સબીયા – **બીજ સહિતની વનસ્પતિ**

૪. અહિજ્જિઉં – **શીખવું** ૫. સંજય – **સંયમી** ૬. અભિક્કંતં – **સામે આવનારા**

**(ક) નીચેના શબ્દોનું માગધી લખો.** **(૩)**

૧. લોખંડની ખીલીથી – **સિલાગાએ** ૨. આ રીતે – **ઈચ્ચેયાઈ** ૩. ભયભીત થયેલા – **તસિયં**

**(૧૦)**

**પ્ર.૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અશૂન્ય કાળ કોને કહેવાય? ઉદા. સાથે લખો. અશૂન્ય કાળ કઈ ગતિમાં હોય? દેવના ત્રણ કાળનો અલ્પ બહુત્વ લખો. **(૬)**

**જ. અશૂન્ય કાળ : વિવક્ષિત સમયમાં વિવક્ષિત જીવોની સાથે જે નરક આદિ ગતિઓમાં રહેલા છે. તે જ જીવોની સાથે ભૂતકાળમાં નરક આદિ ગતિમાં તે જીવનું રહેવું અશૂન્ય કાળ છે. અર્થાત્ તે જીવોમાંથી એકપણ જીવ ઓછો ન થવો જોઈએ તેમ જ એકપણ જીવ નવો ન વધવો જોઈએ. ઉદા. ધારો કે કોઈ જીવ નરકમાં જે સમયે હતો ત્યારે નરકમાં તેની સાથે ૧૦૦ જીવો હતા, તે જીવ મરીને તિર્યંચ કે મનુષ્ય થઈને ફરી પાછો નરકમાં તે જ સ્થાને ઉત્પન્ન થયો ત્યારે તે નરકમાં પૂર્વેના સર્વ નારકીઓ હતા અને તેમાં એકપણ નવો નારકી ઉમેરાયો ન હતો તે અશૂન્યકાળ. અશૂન્ય કાળ ચારે ગતિમાં હોય છે.**

**સર્વથી થોડો અશૂન્ય કાળ, તેથી મિશ્ર કાળ અનંતગુણો, તેથી શૂન્ય કાળ અનંતગુણો.**

૨. મનઃપર્યવ જ્ઞાન, યથાખ્યાત, અવધિ દર્શન, તિપ્પન ઈહભવિક, પરભવિક કે તદુભયભવિક છે? (૨×૨)

**જ. મનઃપર્યવ જ્ઞાન, યથાખ્યાત, તિપ્પન આ ત્રણે ઈહભવિક છે પરભવિક કે તદુભયભવિક નથી. અવધિ દર્શન ઈહભવિક, પરભવિક અને તદુભયભવિક છે.**

૩. ઈહભવિક પરભવિક થોકડો કયા સૂત્રમાંથી લેવામાં આવ્યો છે? તે સૂત્રના રચયિતા કોણ છે? અંગ છે કે ઉપાંગ? કેટલામું?

**જ. ઈહભવિક પરભવિક થોકડો ભગવતી સૂત્રમાંથી લેવામાં આવ્યો છે. શતક ૧ ઉદ્દેશો ૧. રચયિતા સુધર્મા સ્વામી છે. પાંચમું અંગ સૂત્ર છે.**

(૧૦)

**પ્ર.૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ૩૩ બોલમાંથી એકાંત તેજો લેશ્યાવાળા દેવ–દેવીના બોલનો અલ્પ બહુત્વ લખો. (૩×૨)

**જ. સૌથી થોડા જ્યોતિષી દેવીમાંથી નીકળી સિદ્ધ થયેલા, તેથી જ્યોતિષી દેવમાંથી નીકળી સિદ્ધ થયેલા સંખ્યાતગુણા, તેથી બીજા દેવલોકના દેવીમાંથી નીકળી સિદ્ધ થયેલા સંખ્યાતગુણા, તેથી બીજા દેવલોકના દેવમાંથી નીકળી સિદ્ધ થયેલા સંખ્યાતગુણા, તેથી પહેલા દેવલોકના દેવીમાંથી નીકળી સિદ્ધ થયેલા સંખ્યાતગુણા, તેથી પહેલા દેવલોકના દેવમાંથી નીકળી સિદ્ધ થયેલા સંખ્યાતગુણા.**

૨. અવગાહના દ્વાર લખો. મોક્ષે જવા કેટલી અવગાહના જોઈએ? એક સમય સુધી નિરંતર કેટલા સિદ્ધ થાય?

| **જ. અવગાહના દ્વાર** | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** |
|---|---|---|
| **જઘન્ય અવગાહનાવાળા** | **૧** | **૪** |
| **મધ્યમ અવગાહનાવાળા** | **૧** | **૧૦૮** |
| **ઉત્કૃષ્ટ અવગાહનાવાળા** | **૧** | **૨** |

**મોક્ષે જવા જ. બે હાથ અને ઉ. ૫૦૦ ધનુષની અવગાહના જોઈએ. એક સમય સુધી નિરંતર જ. ૧૦૩ ઉ. ૧૦૮ સિદ્ધ થાય.**

૩. ૨૫૬ રાશિમાં ૫ થી ૮ બોલનો અલ્પબહુત્વ લખો. (૨×૨)

**જ. સૌથી થોડા શાતાવેદનીય વેદવાવાળા, તેથી ઈન્દ્રિય ઉપયોગવાળા સં.ગુણા, તેથી અનાકાર ઉપયોગવાળા સંખ્યાતગુણા, તેથી સાકાર ઉપયોગવાળા સંખ્યાતગુણા.**

૪. આયુ બંધક અને આયુ અબંધક જીવોના ઢગલા કેટલા? કોણ વધારે કોણ ઓછા? તેનો અલ્પબહુત્વ લખો.

**જ. આયુ બંધક જીવોનો ૧ ઢગલો અને આયુ અબંધક જીવોના ૨૫૫ ઢગલા. આયુ બંધક ઓછા અને આયુ અબંધક વધારે. સૌથી થોડા આયુ બંધક, તેથી આયુ અબંધક સંખ્યાતગુણા.**

(૫)

**પ્ર.૧૦ આગમ પરંપરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. આગમસાર શું છે? ૧૪ મા અને ૨૮ મા સમવાયમાં શેનું વર્ણન છે? (૩)

**જ. પ્રથમ સમવાયના પહેલા બે સૂત્રોમાં ભગવાન મહાવીર સ્વામી દ્વારા રચિત દ્વાદશાંગીની પ્રજ્ઞાપના કરી છે અને પછી બાર આગમોના નામ છે. ત્રીજાથી ૧૪૬ સૂત્ર સુધી એક એકની સંખ્યા સંબંધી વિષયોનું સંકલન છે. ૧૪ મા સમવાયમાં–જીવોનો સમૂહ, ૧૪ જીવસ્થાનક આદિ. ૨૮ મા સમવાયમાં–મતિજ્ઞાનના ૨૮ પ્રકારો.**

૨. રાયપસેણીયમાં શેની જાણકારી છે? (૧×૨)

**જ. એક અજ્ઞાની આત્મા ક્રૂર કર્મોને સર્જીને, ગુરુજ્ઞાનથી પ્રભાવિત થઈ સમતાનો અનુભવ કરે છે, તેની જાણકારી છે.**

૩. સંપૂર્ણ સૂત્ર શું વર્ણવે છે?

**જ. સંપૂર્ણ સૂત્ર એક સળંગ નવલકથાની જેમ રાજાની સળંગ ભવકથા વર્ણવે છે.**